Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 13
Name : _______________

**પે.સે.કુમાર શાળા રાણા વડવાળા**
**તા. રાણાવાવ, જિ. પોરબંદર**

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00
Roll No. : ____________

---

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 61)

1. ભારતની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે ?
A. ઍટલૅન્ટિક B. આર્કટિક C. હિંદ D. પૅસિફિક
2. ભારતનું કુલ ક્ષેત્રફળ કેટલા ચોરસ કિમી છે?
A. 32.8 લાખ B. 55.2 લાખ C. 18.6 લાખ D. 29.5 લાખ
3. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે કેટલા કિલોમીટર જેટલી છે?
A. 3130 B. 3214 C. 3090 D. 2933
4. ભારતનો પૂર્વ-પશ્ચિમ વિસ્તાર આશરે કેટલા કિલોમીટર જેટલો છે?
A. 2933 B. 3180 C. 3030 D. 3280
5. ભારતની ઉત્તરે કયો પર્વત આવેલો છે ?
A. વિંધ્ય B. ઍન્ડીઝ C. આલ્પસ D. હિમાલય
6. હિમાલયના ઉત્તર ભાગની પર્વતમાળા ક્યા નામે ઓળખાય છે?
A. શિવાલિકની ટેકરીઓ B. લઘુ હિમાલય C. મહા હિમાલય D. મધ્ય હિમાલય
7. હિમાદ્રી પર્વતમાળાની દક્ષિણે હિમાલયની કઈ પર્વતમાળા આવેલી છે?
A. હિમાદ્રી હિમાલય B. હિમાચલ C. મહા હિમાલય D. લઘુ હિમાલય
8. હિમાચલ પર્વતમાળાની દક્ષિણે (ભારત તરફની) હિમાલયની કઈ પર્વતમાળા આવેલી છે?
A. મહા હિમાલય B. શિવાલિકની ટેકરીઓ C. હિમાદ્રી D. મધ્ય હિમાલય
9. વિશ્વનું સૌથી ઊંચું શિખર કયું છે?
A. માઉન્ટ એવરેસ્ટ B. કાંચનજંગા C. K2 D. ધવલગિરિ
10. નીચેના પૈકી કઈ નદી હિમાલયમાંથી નીકળે છે?
A. ગોદાવરી B. મહાનદી C. ગંગા D. કાવેરી
11. નીચેના પૈકી કઈ નદી હિમાલયમાંથી નીકળતી નથી ?
A. બ્રહ્મપુત્ર B. સતલુજ C. યમુના D. કૃષ્ણા
12. ભારતીય મહામરુસ્થલ ભારતના કયા ભાગમાં આવેલું છે ?
A. પશ્ચિમ B. પૂર્વ C. દક્ષિણ D. ઉત્તર
13. ભારતમાં ઉત્તરનાં મેદાનોની દક્ષિણે ક્યો ઉચ્ચપ્રદેશ આવેલો છે?
A. છોટા નાગપુરનો B. દખ્ખણનો C. શિલોંગનો D. પૂર્વ ઘાટ
14. દુનિયાની સૌથી પ્રાચીન પર્વતમાળા કઈ છે ?
A. પતકાઈ B. લુશાઈ C. અરવલ્લી D. વિંધ્ય
15. નીચેના પૈકી કઈ નદી અરબ સાગરને મળે છે?
A. મહાનદી B. નર્મદા C. કૃષ્ણા D. સતલુજ
16. નર્મદા અને તાપી નદીઓ કોને મળે છે?
A. બંગાળના ઉપસાગર (બંગાળની ખાડી)ને
B. ખંભાતના અખાતને
C. હિંદ મહાસાગરને
D. અરબ સાગરને

BHAVDIP VADHER (E-LEARNING)

17. મહાનદી, ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓ કઈ જળરાશિને મળે છે?
   A. બંગાળાના ઉપસાગર(બંગાળની ખાડી)ને
   B. ખંભાતના અખાતને
   C. અરબ સાગરને
   D. હિંદ મહાસાગરને
18. નીચેના પૈકી કઈ નદી બંગાળાના ઉપસાગર(બંગાળાની ખાડી)ને મળતી નથી ?
   A. મહાનદી B. ગોદાવરી C. કૃષ્ણા D. નર્મદા
19. નીચેના પૈકી કઈ નદીએ ફળદ્રુપ મુખત્રિકોણ પ્રદેશ બનાવ્યો નથી ?
   A. ગોદાવરીએ B. તાપીએ C. ગંગાએ D. કૃષ્ણાએ
20. બ્રહ્મપુત્ર અને ગંગા નદીએ સુંદરવન નામનો મુખત્રિકોણ પ્રદેશ ક્યાં બનાવ્યો છે?
   A. કચ્છના અખાતમાં
   B. અરબ સાગરમાં
   C. ખંભાતના અખાતમાં
   D. બંગાળાના ઉપસાગર (બંગાળની ખાડી)માં
21. બંગાળાના ઉપસાગર(બંગાળની ખાડી)માં દક્ષિણ-પૂર્વમાં કયા ટાપુઓ આવેલા છે?
   A. બોનિન B. લક્ષદ્વીપ C. અંદમાન અને નિકોબાર D. માલદીવ
22. લક્ષદ્વીપ ટાપુઓ ક્યાં આવેલા છે?
   A. બંગાળના ઉપસાગર(બંગાળની ખાડી)માં
   B. હિંદ મહાસાગરમાં
   C. ખંભાતના અખાતમાં
   D. અરબ સાગરમાં
23. ભારતમાં શિયાળો કયા મહિનાઓ દરમિયાન હોય છે?
   A. નવેમ્બરથી ફેબ્રુઆરી
   B. ડિસેમ્બરથી ફેબ્રુઆરી
   C. ડિસેમ્બરથી જૂન
   D. ડિસેમ્બરથી માર્ચ
24. ભારતમાં ઉનાળો કયા મહિનાઓ દરમિયાન હોય છે ?
   A. માર્ચથી નવેમ્બર B. એપ્રિલથી ઑગસ્ટ C. માર્ચથી મે D. જૂનથી સપ્ટેમ્બર
25. ભારતમાં ચોમાસુ (વર્ષાઋતુ) કયા મહિનાઓ દરમિયાન હોય છે?
   A. મેથી સપ્ટેમ્બર B. જુલાઈથી ઑક્ટોબર C. જૂનથી નવેમ્બર D. જૂનથી સપ્ટેમ્બર
26. ભારતમાં પાછા ફરતા મોસમી પવનોની ઋતુ કયા મહિનાઓ દરમિયાન હોય છે?
   A. જૂનથી જુલાઈ
   B. ઑક્ટોબરથી નવેમ્બર
   C. જાન્યુઆરીથી માર્ચ
   D. ઑક્ટોબરથી ફેબ્રુઆરી.
27. ભારતમાં કઈ ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે?
   A. શિયાળો
   B. ઉનાળો
   C. ચોમાસુ
   D. પાછા ફરતા મોસમી પવનોની ઋતું.
28. ભારતનાં કયાં રાજ્યોમાં પાછા ફરતા મોસમી પવનો વરસાદ આપે છે?
   A. તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં
   B. તમિલનાડુ અને કેરલમાં
   C. ગુજરાત અને મહારાષ્ટ્રમાં
   D. આંધ્ર પ્રદેશ અને ઓડિશામાં

BHAVDIP VADHER (E-LEARNING)

29. ભારતની આબોહવા કઈ આબોહવા કહેવાય છે?
A. મોસમી B. સમધાત C. વિષમ D. સમ

30. ભારતમાં કયા મહિનાથી વહેલી સવારે ઠંડી અનુભવાય છે?
A. જૂનથી B. જુલાઈથી C. નવેમ્બરથી D. ઑગસ્ટથી

31. ભારતમાં કઈ દિશામાંથી વાતા મોસમી પવનો સુકા હોય છે?
A. નૈઋત્ય B. ઈશાન C. વાયવ્ય D. અગ્નિ

32. ભારતમાં વનસ્પતિની વિવિધતાનું મુખ્ય કારણ કયું છે?
A. જમીનના પ્રકારો
B. ઊંચાઈ
C. વરસાદનું પ્રમાણ
D. આબોહવામાં રહેલી વિભિન્નતા

33. ભારતમાં વનસ્પતિની વિવિધતાના સર્જન માટેનો મુખ્ય આધાર શો છે?
A. ઊંચાઈ B. જમીનના પ્રકારો C. વરસાદનું પ્રમાણ D. પર્યાવરણીય સમતુલા

34. પશ્ચિમ ઘાટના વધુ વરસાદવાળા વિસ્તારોમાં ક્યા પ્રકારનાં જંગલો જોવા મળે છે ?
A. પાનખર (ખરાઉ) B. કાંટાળાં C. વરસાદી D. ભરતીનાં (મેનગ્રુવ)

35. નીચેનામાંથી કયા પ્રદેશમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો જોવા મળે છે?
A. અંદમાન અને નિકોબાર B. ઉત્તર પ્રદેશ C. છત્તીસગઢ D. ગુજરાત

36. મેંહોગની અને રોઝવુડ કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો છે?
A. કાંટાળાં B. વરસાદી C. ભરતીનાં (મેનગ્રુવ) D. પાનખર (ખરાઉ)

37. ભારતમાં કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો પાનખર ઋતુ દરમિયાન પોતાનાં પાંદડાં ખેરવી નાખે છે ?
A. મોસમી
B. પહાડી
C. વરસાદી
D. સૂકાં અને ઝાંખરાંવાળાં

38. ક્યા પ્રકારનાં જંગલોને મોસમી જંગલો પણ કહે છે?
A. સૂકાં અને ઝાંખરાંવાળાં
B. વરસાદી
C. પહાડી
D. પાનખર (ખરાઉ)

39. સાગ અને સાલ કયા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો છે?
A. પાનખર (ખરાઉ)
B. વરસાદી
C. ભરતીનાં (મેનગ્રુવ)
D. સૂકાં અને ઝાંખરાંવાળાં

40. (70 સેમી કરતાં) ઓછા વરસાદવાળા વિસ્તારમાં કયા પ્રકારનાં જંગલો જોવા મળે છે?
A. વરસાદી
B. પાનખર (ખરાઉ)
C. સૂકાં અને ઝાંખરાંવાળાં
D. પર્વતીય

41. ગુજરાત અને રાજસ્થાનમાં કયા પ્રકારનાં જંગલો જોવા મળે છે?
A. વરસાદી
B. પાનખર (ખરાઉ)
C. સૂકાં અને ઝાંખરાંવાળા
D. સમશીતોષ્ણ કટિબંધીય

BHAVDIP VADHER (E-LEARNING)

42. સમુદ્રસપાટીથી કેટલી ઊંચાઈ સુધી ઊગતી વનસ્પતિ શંકુ આકારની હોય છે ?
A. 1000 મીટરથી 1500 મીટર સુધી
B. 500 મીટરથી 2500 મીટર સુધી
C. 1000 મીટરથી 2000 મીટર સુધી
D. 1500 મીટરથી 2500 મીટર સુધી

43. કયું વૃક્ષ ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોનું વૃક્ષ છે?
A. લીમડો B. દેવદાર C. ઓક D. સીસમ

44. ચીડ, દેવદાર અને પાઇન ક્યા પ્રકારનાં જંગલોનાં વૃક્ષો છે?
A. ભરતીનાં (મેનગ્રુવ) B. પાનખર (ખરાઉ) C. પર્વતીય D. વરસાદી

45. પશ્ચિમ બંગાળ, ગુજરાત તથા અંદમાન અને નિકોબાર ટાપુઓમાં ક્યા પ્રકારનાં જંગલો જોવા મળે છે ?
A. પર્વતીય B. ભરતીનાં (મેનગ્રુવ) C. વરસાદી D. પાનખર (ખરાઉ)

46. સુંદરવન' ક્યાં આવેલું છે?
A. મહાનદીના મુખત્રિકોણ પ્રદેશમાં
B. ગોદાવરી નદીના મુખત્રિકોણ પ્રદેશમાં
C. ગંગા અને બ્રહ્મપુત્ર નદીના મુખત્રિકોણ પ્રદેશમાં
D. કૃષણા નદીના મુખત્રિકોણ પ્રદેશમાં

47. નીચેના પૈકી કયું વૃક્ષ ગુજરાતના સમુદ્રકિનારાના દલદલીય વિસ્તારમાં થાય છે?
A. પાઇન B. દેવદાર C. સુંદરી D. ચેર

48. ભારતનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે ?
A. સિંહ B. વાઘ C. હાથી D. ગાય

49. કયાં રાજ્યોનાં જંગલો હાથીઓ માટે જાણીતાં છે?
A. કેરલ અને ગુજરાત
B. કેરલ અને કર્ણાટક
C. કર્ણાટક અને અસમ
D. મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ

50. ભારતનાં ક્યાં રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રના કાચબા ઈંડાં મૂકવા આવે છે?
A. ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે
B. ઓડિશા, કેરલ વગેરે
C. ગુજરાત, ઓડિશા વગેરે
D. ગુજરાત, કેરલ વગેરે.

51. ભારતનાં જંગલોમાં એશિયાઈ સિંહ ક્યાં જોવા મળે છે?
A. ગીરનાં જંગલોમાં
B. કેરલનાં જંગલોમાં
C. કર્ણાટકનાં જંગલોમાં
D. હિમાલયની તળેટીનાં જંગલોમાં

52. આપણું રાષ્ટ્રીય પક્ષી કયું છે?
A. ગરુડ B. સુરખાબ C. મોર D. કબૂતર

53. ગુજરાતમાં ધુડખર પ્રાણી ક્યાં જોવા મળે છે ?
A. અમરેલીમાં B. જુનાગઢમાં C. કચ્છમાં D. સાબરકાંઠામાં

54. ગુજરાતના કયા સરોવરમાં શિયાળા દરમિયાન યાયાવર પક્ષીઓ આવે છે?
A. નારાયણ સરોવરમાં
B. સરદાર સરોવરમાં
C. નર્મદાસાગર સરોવરમાં
D. નળ સરોવરમાં

55. ભારતની દક્ષિણે કયો દેશ આવેલો છે?
A. બાંગ્લાદેશ B. શ્રીલંકા C. અફઘાનિસ્તાન D. મ્યાનમાર

BHAVDIP VADHER (E-LEARNING)

56. ભારતમાં આવેલું મહા હિમાલયનું સર્વોચ્ચ શિખર કર્યું છે?
A. કાંચનજંગા B. માઉન્ટ એવરેસ્ટ C. ધવલગિરિ D. ગૉડવિન ઓસ્ટિન (K2)

57. અરવલ્લી અને વિંધ્યાચલની વચ્ચે કયો ઉચ્ચપ્રદેશ આવેલો છે ?
A. છોટા નાગપુરનો B. દખ્ખણનો C. માળવાનો D. છોટા ઉદેપુરનો

58. ભારતની હવામાન ખાતાની કચેરી કયા શહેરમાં આવેલી છે?
A. પુણે B. દિલ્લી C. મુંબઈ D. દેહરાદૂન

59. ગુજરાતનું રાજ્ય-પક્ષી કયું છે?
A. સુરખાબ B. પોપટ C. મોર D. ગરુડ

60. ક્યા ઝાડમાંથી ટોપલા, ટોપલી, રમકડાં અને ગૃહ- સુશોભનની વસ્તુઓ બનાવી શકાય છે?
A. ટીમરુ B. દેવદાર C. સાગ D. વાંસ

61. કર્કવૃત્ત પર સૂર્યનાં કિરણો સીધાં પડે ત્યારે ભારતમાં કઈ ઋતુ અનુભવાય છે?
A. શિયાળો B. ઉનાળો C. ચોમાસુ D. નિવર્તન ઋતુ.

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 56)**

62. ભારત ભૌગોલિક ........ ધરાવતો દેશ છે.
63. હિમાલય પર્વતમાળાનાં ઊંચાં શિખરો ........બરકથી ઢંકાયેલા રહે છે.
64. ભારતના જમીન-વિસ્તારનું કુલ ક્ષેત્રફળ લગભગ ........ચોરસ કિલોમીટર છે.
65. ભારતની પૂર્વે ........નો ઉપસાગર આવેલો છે.
66. ભારતની પશ્ચિમે ........સાગર આવેલો છે.
67. ભારતની દક્ષિણે ........મહાસાગર આવેલો છે.
68. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે ........ ક્લોમીટર છે.
69. ભારતની પૂર્વ-પશ્ચિમ પહોળાઈ આશરે ........ કિલોમીટર છે.
70. હિમાલય એક પર્વત નથી, પણ એ ........પર્વતોની હારમાળા છે.
71. વિશ્વનું સૌથી ઊંચું પર્વતશિખર ........ છે.
72. માઉન્ટ એવરેસ્ટ ........પર્વતમાળામાં આવેલું છે.
73. ભારતના ........ભાગમાં ભારતીય મહામરુસ્થલ આવેલું છે.
74. દખણના ઉચ્ચપ્રદેશનો આકાર ઊંધા ........જેવો છે.
75. ........ની પર્વતમાળા દુનિયાની સૌથી પ્રાચીન પર્વતમાળા છે.
76. અરવલ્લીની દક્ષિણ-પૂર્વમાં ........ ની પર્વતમાળાઓ આવેલી છે.
77. મધ્ય અને દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશમાંથી વિપુલ પ્રમાણમાં ........ મળી આવે છે.
78. ભારતના પૂર્વ કિનારાના મેદાનની તુલનામાં પશ્ચિમ કિનારાનું મેદાન ........ છે.
79. બ્રહ્મપુત્ર અને ગંગા નદીએ બંગાળાના ઉપસાગરમાં ........નામનો મુખત્રિકોણ પ્રદેશ બનાવ્યો છે.
80. અંદમાન અને નિકોબાર ટાપુઓ ........ માં આવેલા છે.
81. લક્ષદ્વીપ ટાપુઓ ........ થી બનેલા છે.
82. ભારતમાં ........ ઋતુઓ અનુભવાય છે.
83. ભારતમાં ........ની ઋતુ દરમિયાન દિવસો ટૂંકા હોય છે.
84. ભારતમાં ........ ની ઋતુ દરમિયાન દિવસો લાંબા હોય છે.
85. ભારતમાં ઉનાળાની ઋતુમાં બપોરે ફૂંકાતા ગરમ પવનોને ........ કહે છે.
86. ભારતમાં ચોમાસાની ઋતુમાં ........દિશામાંથી ભેજવાળા પવનો વાય છે.
87. ભેજવાળા પવનોના માર્ગમાં ........આવે ત્યાં વધુ વરસાદ પડે છે.
88. ........ની ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે.
89. પાછા ફરતા મોસમી પવનો ........પરથી પસાર થતાં ભેજવાળા બને છે.

BHAVDIP VADHER (E-LEARNING)

90. ભારતની આબોહવામાં સ્પષ્ટ ........અનુભવાય છે.
91. ભારતમાં ડિસેમ્બરથી ........ માસના સમયગાળાને શિયાળાની ઋતુ ગણવામાં આવે છે.
92. ભારતમાં ........ થી મે સુધીના સમયગાળાને ઉનાળાની ઋતુ ગણવામાં આવે છે.
93. ભારતમાં જુનથી ........માસ સુધીના સમયગાળાને વર્ષાઋતુ ગણવામાં આવે છે.
94. ભારતમાં ઑક્ટોબરથી નવેમ્બર સુધીના સમયગાળાને ........ ઋતુ ગણવામાં આવે છે.
95. ઉષ્ણ કટિબંધીય ........જંગલોનાં વૃક્ષો ગાઢ અને ઘટાદાર હોય છે.
96. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષો હંમેશાં ........ દેખાય છે.
97. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોને........ જંગલો પણ કહે છે.
98. સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલોનાં વૃક્ષો ........હોય છે.
99. ........જંગલોનાં વૃક્ષોનાં પાંદડાં સોયદાર હોય છે.
100. ભરતીનાં જંગલો (મૅન્ગ્રુવ) સમુદ્રની ભરતીના ........પાણીમાં વિકસે છે.
101. ગંગા નદીના મુખત્રિકોણ પ્રદેશમાં ........નામનાં વૃક્ષો થાય છે.
102. ગુજરાતના સમુદ્રકિનારે ભરતીના જંગલો (મૅન્ગ્રુવ)માં ........નાં વૃક્ષો જોવા મળે છે.
103. જંગલો ........ને શુદ્ધ રાખે છે.
104. જંગલો ........અટકાવે છે.
105. જંગલો ........જળ સંરક્ષણ કરે છે.
106. જંગલી ........હિમાલય અને નીલગિરિ પર્વતોમાં જોવા મળે છે.
107. ભારતમાં હાથી અને એકશિંગી ભારતીય ગેંડા ........નાં જંગલોમાં જોવા મળે છે.
108. ........ આપણા દેશનું રાષ્ટ્રીય પ્રાણી છે.
109. કેરલ અને કર્ણાટક રાજ્યોનાં જંગલો........ માટે જાણીતાં છે.
110. ગુજરાતમાં ........પ્રાણી કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રોમાં જોવા મળે છે.
111. ........સમગ્ર વિશ્વમાં એકમાત્ર ગુજરાતમાં ગીરનાં જંગલોમાં જોવા મળે છે.
112. ........ ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે.
113. ભારતમાં પક્ષીની અનેક ........વસે છે.
114. ગુજરાતમાં નળ સરોવર, ખીજડીયા, થોળ વગેરે જગ્યાએ શિયાળામાં હજારો ........પક્ષીઓ આવે છે.
115. ........ગુજરાતનું રાજ્યપક્ષી છે.
116. અભયારણ્યની રચના ........દ્વારા કરવામાં આવે છે.
117. જૈવઆરક્ષિત ક્ષેત્રની રચના ........ માપદંડો મુજબ કરવામાં આવે છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 48)**

118. સિહ ગીર ઉપરાંત નળ સરોવરમાં જોવા મળે છે.
119. પૂર્વ કિનારાની તુલનામાં પશ્ચિમ કિનારાનું મેદાન સાંકડું છે.
120. કાવેરી નદીએ સુંદરવન નામનો મુખત્રિકોણ પ્રદેશ બનાવ્યો છે.
121. ભારતની ત્રણે બાજુએ દરિયાકિનારો આવેલો છે.
122. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ કરતાં પૂર્વ-પશ્ચિમ પહોળાઈ વધારે છે.
123. ઉત્તરનાં મેદાનોમાં ગીચ વસતી છે.
124. ભારતના દક્ષિણ ભાગમાં મહામરુસ્થલ આવેલું છે.
125. દખ્ખણના ઉચ્ચપ્રદેશનું ભૂપૃષ્ઠ સમતલ છે.
126. નર્મદા અને તાપી નદીઓ અરબ સાગરને મળે છે.
127. પશ્ચિમ ઘાટ તૂટક છે, જ્યારે પૂર્વ ઘાટ સળંગ છે .
128. દખ્ખણનો ઉચ્ચપ્રદેશ જ્વાળામુખીના લાવાનો બનેલો છે.

BHAVDIP VADHER (E-LEARNING)

129. પૂર્વ કિનારાનું મેદાન પશ્ચિમ કિનારાના મેદાન કરતાં સાંકડું છે.
130. કાવેરી નદીએ મુખત્રિકોણ પ્રદેશ બનાવ્યો છે.
131. ભારતમાં ચાર ટાપુ સમૂહો આવેલા છે.
132. લક્ષદ્વીપ ટાપુઓ કેરલ રાજ્યના કિનારાથી પશ્ચિમે આવેલા છે.
133. વાતાવરણમાં થતા રોજિંદા ફેરફારને આબોહવા કહે છે.
134. ભારતની દક્ષિણે હિંદ મહાસાગર આવેલો છે.
135. ભારતમાં ડિસેમ્બરથી મે માસ દરમિયાન શિયાળાની ઋતુ હોય છે.
136. ભારતમાં જૂનથી સપ્ટેમ્બર માસ દરમિયાન ચોમાસાની ઋતુ હોય છે.
137. ભારતમાં ઑક્ટોબરથી નવેમ્બર માસ દરમિયાન શરદ ઋતુ અનુભવાય છે.
138. ભારતમાં શિયાળાની ઋતુમાં દિવસો લાંબા હોય છે.
139. ભારતમાં ઉનાળો અકળાવનારી ગરમીની ઋતુ છે.
140. ભારતમાં ઉનાળાની ઋતુમાં દિવસો શિયાળાની તુલનામાં ટૂંકા હોય છે.
141. ભારતમાં ચોમાસુ વરસાદની ઋતુ છે.
142. ભારતમાં નૈઋત્ય દિશામાંથી વાતા પવનો ભેજવાળા હોય છે.
143. પાછા ફરતા મોસમી પવનોની ઋતુમાં પવનો સમુદ્ર પરથી જમીન તરફ વાય છે.
144. પાછા ફરતા મોસમી પવનોની ઋતુમાં પવનો અરબ સાગર પરથી પસાર થતાં ભેજવાળા બને છે.
145. ભારત મોસમી આબોહવા ધરાવતો દેશ છે.
146. જમીનને આધારે જ વનસ્પતિના પ્રકાર પાડવામાં આવે છે.
147. જ્યાં વરસાદનું પ્રમાણ વધારે હોય છે ત્યાં સમશીતોષ્ણ કટિબંધીય જંગલો આવેલાં હોય છે.
148. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોમાં સૂર્યનાં કિરણો જમીન સુધી પહોંચી શકતાં નથી.
149. મૅહોગની, સાગ, સાલ વગેરે ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોનાં વૃક્ષો છે.
150. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોનાં વૃક્ષો ગાઢ અને ઘટાદાર હોય છે.
151. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોને ‘મોસમી જંગલો' પણ કહે છે.
152. સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલોનાં વૃક્ષો કાંટાળાં હોય છે.
153. શંકુદ્રુમ વનસ્પતિ તેનાં વૃક્ષોની ઊંચાઈ પરથી ઓળખાય છે.
154. નર્મદા નદીના મુખત્રિકોણ પ્રદેશમાં ચેર નામનાં વૃક્ષો જોવા મળે છે.
155. ગુજરાતમાં ચેરનાં વૃક્ષોનાં લાકડાંનો ઉપયોગ સ્થાનિક લોકો બળતણ તરીકે કરે છે.
156. આપણા દેશમાં વાઘ માત્ર મધ્ય પ્રદેશનાં જંગલોમાં જોવા મળે છે.
157. સિંહ ભારતનું રાષ્ટ્રીય પ્રાણી છે.
158. સમગ્ર વિશ્વમાં એશિયાઈ સિંહો માત્ર ગુજરાતમાં ગીરનાં જંગલોમાં જોવા મળે છે.
159. ભારતમાં પક્ષીઓની પ્રજાતિઓ મર્યાદિત છે.
160. મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે.
161. ભારતમાં સાપની મોટા ભાગની પ્રજાતિઓ બિનઝેરી છે.
162. શિયાળામાં આપણા દેશનાં જળાશયો અને જળપ્લાવિત ક્ષેત્રોમાં દૂર દૂર આવેલા ઠંડા પ્રદેશોમાંથી પક્ષીઓ બચ્ચાં ઉછેરવા આવે છે.
163. રાષ્ટ્રીય ઉદ્યાનમાં પાલતુ પશુઓને મંજૂરી બાદ ચરાવવાની છૂટ હોય છે.
164. રાષ્ટ્રીય ઉદ્યાનને રાજ્ય અને કેન્દ્ર સરકારના સંકલનથી તૈયાર કરવામાં આવે છે.
165. કચ્છના રણનું આંશિક ક્ષેત્ર એ અભ્યારણ્ય છે.

➽ જોડકા જોડો **(Marks - 20)**



BHAVDIP VADHER (E-LEARNING)

166. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | એકશિંગી ભારતીય ગેંડા | (1) ઓડિશાનો સમુદ્રકિનારો |
| 2. | સમુદ્રના કાચબા | (2) જળપ્લાવિત ક્ષેત્ર |
| 3. | યાયાવર પક્ષીઓ | (3) અસમ |

167. બંધબેસતાં જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ | (1) અરવલ્લી |
| 2. | ભારતની પૂર્વ-પશ્ચિમ પહોળાઈ | (2) માઉન્ટ એવરેસ્ટ |
| 3. | દુનિયાનું સર્વોચ્ચ પર્વતશિખર | ( 3) 3214 કિલોમીટર |
| 4. | દુનિયાની પ્રાચીનતમ પર્વતમાળા | ( 4 ) ગોંડવિન ઓસ્ટિન (K2) |

168. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | અરબ સાગરને મળતી નદી | (1) સુંદરવન |
| 2. | બંગાળાના ઉપસાગરને મળતી નદી | ( 2 ) નર્મદા |
| 3. | ગંગાનો મુખત્રિકોણ પ્રદેશ | ( 3) લુણી |
| 4. | હિમાલયમાંથી નીકળતી નદી | ( 4 ) કાવેરી |

169. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ડિસેમ્બરથી ફેબ્રુઆરી | (1) ઉનાળો |
| 2. | માર્ચથી મે | (2 ) ચોમાસુ. |
| 3. | જૂનથી સપ્ટેમ્બર | ( 3 ) હવામાન |
| 4. | ઓક્ટોબરથી નવેમ્બર | (4) શિયાળો |

170. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | મૅહોગની, રોઝવુડ, નેતર વગેરે વૃક્ષો | (1) સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલો |
| 2. | સાગ, સાલ, વાંસ વગેરે વૃક્ષો | (2) ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો |
| 3. | ખેર, ખીજડો, બાવળ વગેરે વૃક્ષો | (3) શંકુદ્રુમ જંગલો |
| 4. | ચીડ, દેવદાર, પાઇન વગેરે વૃક્ષો | (4) ભરતીનાં જંગલો(મેનગ્રુવ) |

171. જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | ભારતનું રાષ્ટ્રીય પ્રાણી | (1) નળ સરોવર |
| 2. | ભારતનું રાષ્ટ્રીય પક્ષી | (2) ગીરના જંગલો |
| 3. | એશિયાઇ સિંહ | (3) હાથી |
| 4. | યાયાવર પક્ષીઓ | ( 4 ) મોર |

**➽ આપેલ નકશામાં નીચેના સ્થાન દર્શાવો** **(Marks - 13)**

172. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : ભારતીય મહામરુસ્થલ

173. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : હિમાલય

174. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : ગંગાનું મેદાન

175. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : પશ્ચિમ ઘાટ

176. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : પૂર્વ ઘાટ

177. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : પૂર્વ કિનારનું મેદાન

178. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : પશ્ચિમ કિનારનું મેદાન

179. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : નિકોબાર ટાપુ

180. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : અંદમાન ટાપુ

181. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : અરબ સાગર

BHAVDIP VADHER (E-LEARNING)

182. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : બંગાળાનો ઉપસાગર
183. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : લક્ષદ્વીપ
184. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતને યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો : હિન્દ મહાસાગર

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 5)**

185. સંકલ્પના સમજાવો : કુદરતી વનસ્પતિ
186. સંકલ્પના સમજાવો : જંગલ
187. સંકલ્પના સમજાવો : વન્યજીવ
188. સંકલ્પના સમજાવો : અભયારણ્ય
189. સંકલ્પના સમજાવો : રાષ્ટ્રીય ઉદ્યાન

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 5)**

190. નીચે આપેલા કોષ્ટકમાં ઋતુઓની સામે તેમના તહેવારોનાં નામ લખો : (તહેવારોનાં નામ કૌસમાંથી પસંદ કરો.) (ઉત્તરાયણ, દશેરા, ધુળેટી, જન્માષ્ટમી, નાતાલ, શરદ પૂનમ, ચેટીચાંદ, રક્ષાબંધન)

| ઋતુ | તહેવારો |
|---|---|
| શિયાળો | |
| ઉનાળો | |
| ચોમાસુ | |
| પાછા ફરતાં મોસમી પવનોની ઋતુ | |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 62)**

191. હિમાલયની દક્ષિણે આવેલ મેદાન કઈ કઈ નદીઓએ બનાવ્યું છે ?
192. ગુજરાતમાં યાયાવર પક્ષીઓ ક્યાં ક્યાં આવે છે ?
193. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ કેટલી છે ?
194. ભારતનું કુલ ક્ષેત્રફળ કેટલું છે?
195. વિશ્વમાં ભારતની વિશિષ્ટ ઓળખ કઈ છે?
196. ભારતના ભૂપૃષ્ઠની વિવિધતાઓ કઈ કઈ છે?
197. ભારતના ભૂપૃષ્ઠના કેટલા વિભાગો પડે છે ? કયા કયા?
198. હિમાલયની પર્વતમાળાઓ ક્યા કયા નામે ઓળખાય છે ?
199. વિશ્વનું સૌથી ઊંચું પર્વતશિખર કયું છે ? તે ક્યાં આવેલું છે?
200. ઉત્તરના વિશાળ મેદાન પ્રદેશની રચના શેનાથી થઈ છે ?
201. ઉત્તરનું વિશાળ મેદાન કેવું છે ?
202. ભારતનો ગીચ વસ્તીવાળો પ્રદેશ કયો છે ?
203. ઉત્તરના મેદાન પ્રદેશમાં ગીચ વસ્તી શાથી જોવા મળે છે ?
204. દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશમાં – દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં કઈ કઈ પર્વતમાળાઓ આવેલી છે ?
205. દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં કયા કયા ઘાટ આવેલા છે ?
206. દક્ષિણના ઉચ્ચપ્રદેશમાંથી ખનીજો વિપુલ પ્રમાણમાં મળી આવે છે. શાથી?
207. દક્ષિણ ભારતની કઈ કઈ નદીઓએ ફળદ્રુપ મુખત્રિકોણ પ્રદેશો બનાવ્યા છે ?
208. 'સુંદરવન' નામનો વિશાળ મુખત્રિકોણ પ્રદેશ કઈ નદીઓએ બનાવ્યો છે ?

BHAVDIP VADHER (E-LEARNING)

209. ભારતમાં ક્યા ક્યા બે ટાપુસમૂહ આવેલા છે ?
210. ભારતની દક્ષિણે ક્યો મહાસાગર આવેલો છે ?
211. હવામાન એટલે શું?
212. હવામાન કોને કહે છે?
213. આબોહવા એટલે શું?
214. આબોહવા કોને કહે છે ?
215. ભારતમાં ઉનાળાની ઋતુ ક્યારે હોય છે ?
216. ભારતમાં ચોમાસાની ઋતુ ક્યારે હોય છે ?
217. ભારતમાં શિયાળાની ઋતુ ક્યારે હોય છે ?
218. ભારતમાં કયા પવનો વરસાદ લાવે છે?
219. ગુજરાતમાં વરસાદનું પ્રમાણ શાથી ઓછું છે ?
220. ચોમાસુ ભારતની સૌથી મહત્ત્વની ઋતુ શાથી ગણાય છે ?
221. પાછા ફરતા મોસમી પવનો શાથી વરસાદ આપતા નથી ?
222. પાછા ફરતા મોસમી પવનો કયાં રાજ્યોમાં વરસાદ આપે છે ? શાથી?
223. મુખ્યત્વે કયાં પરિબળોના આધારે વનસ્પતિના પ્રકાર પાડવામાં આવે છે ?
224. ભારતની આબોહવાને 'મોસમી આબોહવા' શાથી કહે છે?
225. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોમાં સૂર્યનાં કિરણો શાથી જમીન પર પહોંચી શક્તા નથી?
226. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષો શાથી હંમેશાં લીલાંછમ દેખાય છે ?
227. ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો કયા વિસ્તારોમાં આવેલાં છે ?
228. ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં મુખ્ય વૃક્ષો ક્યાં ક્યાં છે ?
229. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોની મુખ્ય વિશેષતા કઈ છે?
230. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોને કયા નામે પણ ઓળખવામાં આવે છે?
231. ભારતમાં ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોમાં ક્યાં ક્યાં વૃક્ષો જોવા મળે છે?
232. ભારતમાં સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલો ક્યાં જોવા મળે છે?
233. સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલોમાં કયાં વૃક્ષો થાય છે ?
234. શંકુદ્રુમ જંગલોમાં કયાં કયાં વૃક્ષો થાય છે ?
235. ભારતમાં ભરતીનાં જંગલો (મૅન્ગ્રૂવ) ક્યાં આવેલાં છે ?
236. સુંદરી વૃક્ષનું લાકડું કઈ રીતે ઉપયોગી છે ?
237. ભરતીનાં જંગલોમાં કયાં વૃક્ષો જોવા મળે છે?
238. ચેરનું લાકડું કઈ રીતે ઉપયોગી છે?
239. જંગલોના બે પર્યાવરણીય ફાયદા જણાવો.
240. જંગલોના બે આર્થિક ફાયદા જણાવો.
241. આપણા દેશનાં જંગલોમાં કયાં કયાં વન્યજીવો વસે છે?
242. આપણા દેશનું રાષ્ટ્રીય પ્રાણી કયું છે? તે ક્યાં જોવા મળે છે?
243. ગુજરાતમાં ઘુડખર પ્રાણી ક્યાં જોવા મળે છે?
244. ભારતમાં એશિયાઈ સિંહો ક્યાં જોવા મળે છે?
245. ભારતનાં કયાં રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રના કાચબા ઈંડાં મૂકવા આવે છે?
246. ભારતમાં પક્ષીની કઈ કઈ પ્રજાતિઓ વસે છે?
247. અભયારણ્યની રચના કોણ કરે છે ?
248. રાષ્ટ્રીય ઉદ્યાનની રચના કેવી રીતે થાય છે?

BHAVDIP VADHER (E-LEARNING)

249. જૈવઆરક્ષિત ક્ષેત્રની રચના કેવી રીતે કરવામાં આવે છે ?
250. ગુજરાતનાં અભયારણ્યો જણાવો.
251. ગુજરાતના રાષ્ટ્રીય ઉદ્યાનો જણાવો.
252. ગુજરાતમાં જૈવ આરક્ષિત ક્ષેત્ર ક્યાં આવેલું છે ?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 54)**

253. મેનગ્રૂવ જંગલ (ભરતીનાં જંગલો) વિશે માહિતી આપો.
254. પર્વતીય જંગલ વિશે માહિતી આપો.
255. સમજુતી આપો : યાયાવર પક્ષીઓ
256. સમજુતી આપો : પાનખર ઋતુ
257. ઉત્તર ભારતના મેદાન વિશે માહિતી આપો.
258. ભારતના દ્વીપસમૂહો (ટાપુસમૂહો) વિશે માહિતી આપો.
259. ઉષ્ણ કટિબંધીય વરસાદનાં જંગલો વિશે માહિતી આપો.
260. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલો વિશે માહિતી આપો.
261. સૂકાં અને ઝાંખરાંવાળાં જંગલો વિશે માહિતી આપો.
262. અભયારણ્ય એટલે શું?
263. રાષ્ટ્રીય ઉદ્યાન એટલે શું?
264. જૈવઆરક્ષિત ક્ષેત્ર એટલે શું?
265. ટૂંક નોંધ લખો : શિયાળો (Winter)
266. ટૂંક નોંધ લખો : ઉનાળો (Summer)
267. ટૂંક નોંધ લખો : ચોમાસુ (Monsoon)
268. ટૂંક નોંધ લખો : પાછા ફરતા મોસમી પવનોની ઋતુ
269. હિમાલયની પર્વતમાળા વિશે માહિતી આપો.
270. દખ્ખણના ઉચ્ચપ્રદેશની માહિતી આપો.
271. ભારતની શિયાળાની ઋતુ વિશે નોંધ લખો.
272. ભારતની ઉનાળા ની ઋતુ વિશે માહિતી આપો.
273. ભારતની ચોમાસુ ની ઋતુ વિશે માહિતી આપો.
274. નિવર્તન ઋતુ - ભારતમાં પાછા ફરતા મોસમી પવનોની ઋતુ વિશે માહિતી આપો.
275. જંગલોના પર્યાવરણીય ફાયદા જણાવો.
276. જંગલોના આર્થિક ફાયદા જણાવો.
277. ભારતની વન્ય જીવસૃષ્ટિ વિશે માહિતી આપો.
278. ટૂંક નોંધ લખો : ભારતના વન્યજીવો
279. અભ્યારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવઆરક્ષિત ક્ષેત્રો વિશે માહિતી આપો.

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 13

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 00

---

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** (Marks - 61)

1. હિંદ
2. 32.8 લાખ
3. 3214
4. 2933
5. હિમાલય
6. મહા હિમાલય
7. હિમાચલ
8. શિવાલિકની ટેકરીઓ
9. માઉન્ટ એવરેસ્ટ
10. ગંગા
11. કૃષ્ણા
12. પશ્ચિમ
13. દખ્ખણનો
14. અરવલ્લી
15. નર્મદા
16. અરબ સાગરને
17. બંગાળાના ઉપસાગર(બંગાળની ખાડી)ને
18. નર્મદા
19. તાપીએ
20. બંગાળાના ઉપસાગર (બંગાળની ખાડી)માં
21. અંદમાન અને નિકોબાર
22. અરબ સાગરમાં
23. ડિસેમ્બરથી ફેબ્રુઆરી
24. માર્ચથી મે
25. જૂનથી સપ્ટેમ્બર
26. ઑક્ટોબરથી નવેમ્બર
27. ચોમાસુ
28. તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં
29. મોસમી
30. નવેમ્બરથી
31. ઈશાન
32. આબોહવામાં રહેલી વિભિન્નતા
33. વરસાદનું પ્રમાણ

BHAVDIP VADHER (E-LEARNING)

34. વરસાદી
35. અંદમાન અને નિકોબાર
36. વરસાદી
37. મોસમી
38. પાનખર (ખરાઉ)
39. પાનખર (ખરાઉ)
40. સૂકાં અને ઝાંખરાંવાળાં
41. સૂકાં અને ઝાંખરાંવાળા
42. 1500 મીટરથી 2500 મીટર સુધી
43. લીમડો
44. પર્વતીય
45. ભરતીનાં (મેનગ્રુવ)
46. ગંગા અને બ્રહ્મપુત્ર નદીના મુખત્રિકોણ પ્રદેશમાં
47. ચેર
48. વાઘ
49. કેરલ અને કર્ણાટક
50. ગુજરાત, ઓડિશા વગેરે
51. ગીરનાં જંગલોમાં
52. મોર
53. કચ્છમાં
54. નળ સરોવરમાં
55. શ્રીલંકા
56. ગૉડવિન ઓસ્ટિન (K2)
57. માળવાનો
58. દિલ્લી
59. સુરખાબ
60. વાંસ
61. ઉનાળો

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 56)**

62. વિવિધતા
63. બારેમાસ
64. 32.8 લાખ
65. બંગાળા
66. અરબ
67. હિંદ
68. 3214
69. 2933
70. ત્રણ
71. માઉન્ટ એવરેસ્ટ
72. મહા હિમાલય (કે હિમાદ્રી)


BHAVDIP VADHER (E-LEARNING)

73. પશ્ચિમ
74. ત્રિકોણ
75. અરવલ્લી
76. વિંધ્યાચલ, સાતપુડા
77. ખનીજો
78. સાંકડું
79. સુંદરવન
80. બંગાળાના ઉપસાગર
81. પરવાળા
82. ચાર
83. શિયાળા
84. ઉનાળા
85. લૂ
86. નૈઋત્ય
87. પર્વતો
88. ચોમાસા
89. બંગાળના ઉપસાગર
90. ઋતુભેદ
91. ફેબ્રુઆરી
92. માર્ચ
93. સપ્ટેમ્બર
94. નિવર્તન (પાછા ફરતા મોસમી પવનોની) .
95. વરસાદી
96. લીલાંછમ
97. મોસમી
98. કાંટાળાં
99. શંકુદ્રુમ
100. ખારા
101. સુંદરી
102. ચેર
103. વાતાવરણ
104. ધોવાણ
105. ભૂમિગત
106. બકરી
107. અસમ
108. વાઘ
109. હાથીઓ
110. ઘુડખર
111. એશિયાઈ સિંહ
112. મોર

BHAVDIP VADHER (E-LEARNING)

113. પ્રજાતિઓ

114. વિદેશી (પ્રવાસી કે યાયાવર)

115. સુરખાબ

116. રાજ્ય સરકાર

117. આંતરરાષ્ટ્રીય

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 48)**

118. ખોટું (False)

119. ખરું (True)

120. ખોટું (False)

121. ખરું (True)

122. ખોટું (False)

123. ખરું (True)

124. ખોટું (False)

125. ખોટું (False)

126. ખરું (True)

127. ખોટું (False)

128. ખરું (True)

129. ખોટું (False)

130. ખરું (True)

131. ખોટું (False)

132. ખરું (True)

133. ખોટું (False)

134. ખરું (True)

135. ખોટું (False)

136. ખરું (True)

137. ખરું (True)

138. ખોટું (False)

139. ખરું (True)

140. ખોટું (False)

141. ખરું (True)

142. ખરું (True)

143. ખોટું (False)

144. ખરું (True)

145. ખરું (True)

146. ખોટું (False)

147. ખોટું (False)

148. ખરું (True)

149. ખોટું (False)

150. ખોટું (False)

151. ખરું (True)

BHAVDIP VADHER (E-LEARNING)

152. ખરું (True)

153. ખોટું (False)

154. ખોટું (False)

155. ખરું (True)

156. ખોટું (False)

157. ખોટું (False)

158. ખરું (True)

159. ખોટું (False)

160. ખરું (True)

161. ખરું (True)

162. ખરું (True)

163. ખોટું (False)

164. ખરું (True)

165. ખોટું (False)

**➽ જોડકા જોડો** **(Marks - 20)**

166. (1-3),(2-1),(3-2)

167. (1 - 3), (2 - 5), (3 - 2), (4 - 1).

168. (1-2), (2 - 4), (3 -1), (4 - 5).

169. (1- 4), (2 -1), (3 -2), (4 -5).

170. (1 -2), (2 - 5), (3 -1), (4 - 3).

171. (1-5), (2 - 4), (3 -2), (4 -1).

**➽ આપેલ નકશામાં નીચેના સ્થાન દર્શાવો** **(Marks - 13)**

172. નક્શો

173. નક્શો

174. નક્શો

175. નક્શો

176. નક્શો

177. નક્શો

178. નક્શો

179. નક્શો

180. નક્શો

181. નક્શો

182. નક્શો

183. નક્શો

184. નક્શો

**➽ નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 5)**

185. જે વનસ્પતિનો ઉછેર માનવીની મદદ વગર કુદરતી રીતે થયો હોય તેને "કુદરતી વનસ્પતિ' કહેવાય.

186. 'જંગલ' એટલે વૃક્ષો, ઝાડી-ઝાંખરાં અને ઘાસનો સમુચ્ચય.

187. મનુષ્ય પર આધાર રાખ્યા વિના કુદરતમાં સ્વતંત્ર રીતે જીવતાં પ્રાણીઓ 'વન્યજીવ' કહેવાય છે.

BHAVDIP VADHER (E-LEARNING)

188. જેમના માથે વિનાશનું જોખમ હોય એવા વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુરક્ષિત કરાયેલો વિસ્તાર 'અભયારણ્ય' કહેવાય છે.

189. 'રાષ્ટ્રીય ઉદ્યાન' એ કુદરતી વનસ્પતિ, વન્યજીવો,કુદરતી સૌંદર્યનાં સ્થળો તેમજ રાષ્ટ્રીય મહત્ત્વનાં સ્થળોની જાળવણી માટેનો સુરક્ષિત વિસ્તાર.

➽ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો** **(Marks - 5)**

190.

| ઋતુ | તહેવારો |
|---|---|
| શિયાળો | ઉત્તરાયણ |
| ઉનાળો | ધુળેટી, ચેટીચાંદ |
| ચોમાસુ | જન્માષ્ટમી, રક્ષાબંધન, દશેરા |
| પાછા ફરતાં મોસમી પવનોની ઋતુ | શરદ પૂનમ, નાતાલ |

**SECTION - B**

➽ **નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 62)**

191. હિમાલયની દક્ષિણે આવેલ મેદાન ગંગા, સતલુજ, યમુના, બ્રહ્મપુત્ર અને તેની શાખા નદીઓએ બનાવ્યું છે.

192. ગુજરાતમાં યાયાવર પક્ષીઓ નળ સરોવર, ખીજડીયા, થોળ, છારીઢંઢ (કચ્છ) વગેરે સ્થળોએ આવે છે.

193. ભારતની ઉત્તર-દક્ષિણ લંબાઈ આશરે 3214 ક્લોમીટર અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ આશરે 2933 કિલોમીટર છે.

194. ભારતનું કુલ ક્ષેત્રફળ 32.8 લાખ ચોરસ કિલોમીટર છે.

195. આબોહવા, વનસ્પતિ, ભાષા, રિવાજો, પરંપરાઓ વગેરેની વિવિધતા તેમજ સંસ્કૃતિ અને એક રાષ્ટ્રની ભાવના (વિવિધતામાં એકતા) એ વિશ્વમાં ભારતની વિશિષ્ટ ઓળખ છે.

196. ભારતના ભૂપૃષ્ઠની વિવિધતાઓ : પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, રણપ્રદેશો, સમુદ્રકિનારો, સમુદ્રકિનારાનાં મેદાનો વગેરે.

197. ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ભારતના પાંચ વિભાગો પડે છે : (1) ઉત્તરનો પર્વતીય પ્રદેશ, ( 2 ) ઉત્તરનો મેદાન પ્રદેશ, (3) મધ્ય ભારત અને દક્ષિણ ભારતનો ઉચ્ચપ્રદેશ, (4) દરિયાકિનારાનાં મેદાનો અને ( 5 ) દ્વીપસમૂહો.

198. હિમાલયની છેક ઉત્તર તરફની પર્વતમાળા 'મહાહિમાલય' કે 'હિમાદ્રી'ના નામે, વચ્ચેની – મધ્યની પર્વતમાળા 'મધ્ય હિમાલય' કે 'હિમાચલ'ના નામે અને તેની દક્ષિણે ભારત તરફની પર્વતમાળા 'શિવાલિક' કે 'લઘુ હિમાલય 'ના નામે ઓળખાય છે.

199. વિશ્વનું સૌથી ઊંચું પર્વતશિખર માઉન્ટ એવરેસ્ટ છે. તે મહા હિમાલય કે હિમાદ્રી પર્વતમાળામાં આવેલું છે.

200. ઉત્તરના વિશાળ મેદાન પ્રદેશની રચના હિમાલયમાંથી નીકળતી નદીઓ ગંગા, સતલુજ, યમુના, બ્રહ્મપુત્ર વગેરે મોટી નદીઓ તથા તેમને મળતી શાખા નદીઓના કાંપથી થઈ છે.

201. ઉત્તરનું વિશાળ મેદાન સમતલ અને ખેતી માટે ફળદ્રુપ, ઉપજાઉ જમીનવાળું છે.

202. ઉત્તરનો નદીઓનાં સમતલ અને ફળદ્રુપ મેદાનનો પ્રદેશ ભારતનો ગીચ વસ્તીવાળો પ્રદેશ છે.

203. ઉત્તરનો મેદાન પ્રદેશ સમતલ છે તેમજ અહીં ખેત- ઉત્પાદન વધુ થાય છે. તેથી તેમાં ગીચ વસ્તી જોવા મળે છે.

204. દક્ષિણ ભારતના ઉચ્ચપ્રદેશમાં – દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં અરવલ્લી, વિધ્યાચલ, સાતપુડા, નીલગિરિ વગેરે પર્વતમાળાઓ આવેલી છે.

205. દખ્ખણના ઉચ્ચપ્રદેશમાં તેની પૂર્વ દિશામાં પૂર્વ ઘાટ અને પશ્ચિમ દિશામાં પશ્ચિમ ઘાટ આવેલા છે.

206. દક્ષિણનો ઉચ્ચપ્રદેશ જ્વાળામુખીના લાવાથી બનેલો છે. આથી ત્યાં ખનીજો વિપુલ પ્રમાણમાં મળી આવે છે.

207. દક્ષિણ ભારતની મહાનદી, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી વગેરે નદીઓએ ફળદ્રુપ મુખત્રિકોણ પ્રદેશો બનાવ્યા છે.

208. 'સુંદરવન' નામનો વિશાળ મુખત્રિકોણ પ્રદેશ ગંગા અને બ્રહ્મપુત્ર નદીએ બનાવ્યો છે.

209. ભારતમાં બંગાળના ઉપસાગરમાં (બંગાળની ખાડીમાં) દક્ષિણ-પૂર્વ દિશામાં અંદમાન અને નિકોબાર ટાપુઓ તથા અરબ સાગરમાં કેરલના કિનારાથી પશ્ચિમે પરવાળાથી બનેલા લક્ષદ્વીપ ટાપુઓ આવેલા છે.

210. ભારતની દક્ષિણે હિંદ મહાસાગર આવેલો છે.

211. વાતાવરણમાં થતા રોજિંદા ફેરફારને હવામાન કહે છે.

212. વાતાવરણમાં થતા રોજિંદા ફેરફારને હવામાન કહે છે.

213. કોઈ પણ સ્થળમાં હવામાનનાં તત્ત્વોની આશરે 30 વર્ષની સરેરાશ પરિસ્થિતિને આબોહવા કહે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

214. કોઈ પણ સ્થળમાં હવામાનનાં તત્ત્વોની આશરે 30 વર્ષની સરેરાશ પરિસ્થિતિને આબોહવા કહે છે.

215. ભારતમાં ઉનાળાની ઋતુ માર્ચથી મે મહિનાઓ દરમિયાન હોય છે.

216. ભારતમાં ચોમાસાની ઋતુ જૂનથી સપ્ટેમ્બર મહિનાઓ દરમિયાન હોય છે.

217. ભારતમાં શિયાળાની ઋતુ ડિસેમ્બરથી ફેબ્રુઆરી મહિનાઓ દરમિયાન હોય છે.

218. ભારતમાં નૈઋત્ય દિશા (દક્ષિણ-પશ્ચિમ દિશા) તરફથી વાતા મોસમી પવનો વરસાદ લાવે છે.

219. ગુજરાતમાં મોટા પર્વતો નથી. આમ, ગુજરાતમાં મોસમી પવનોના માર્ગમાં પર્વતો ન આવવાથી વરસાદનું પ્રમાણ ઓછું છે.

220. ભારતની મોટા ભાગની ખેતી વરસાદ પર આધાર રાખે છે. ભારતનો 80 % જેટલો વરસાદ ચોમાસા દરમિયાન ન પડતો હોવાથી ચોમાસુ ભારતની સૌથી મહત્ત્વની ઋતુ ગણાય છે.

221. પાછા ફરતા મોસમી પવનો ઈશાન દિશામાંથી (ઉત્તર- પૂર્વ દિશામાંથી) જમીન તરફથી વાતા હોવાથી સુકા હોય છે. તેથી તે વરસાદ આપતા નથી.

222. પાછા ફરતા મોસમી પવનો બંગાળાના ઉપસાગર (બંગાળની ખાડી) પરથી પસાર થતાં ભેજવાળા બને છે. આથી તે ભારતના પૂર્વ કિનારે આવેલા તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં વરસાદ આપે છે.

223. મુખ્યત્વે આબોહવા અને વરસાદનું પ્રમાણ આ બે પરિબળોના આધારે વનસ્પતિના પ્રકાર પાડવામાં આવે છે.

224. ભારતની આબોહવામાં સ્પષ્ટ ઋતુભેદ અનુભવાય છે. આથી ભારતની આબોહવાને 'મોસમી આબોહવા' કહે છે.

225. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષો ગાઢ અને ઘટાદાર હોવાથી સૂર્યનાં કિરણો જમીન પર પહોંચી શકત્તાં નથી.

226. ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષોમાં એકસાથે પાનખર આવતી નથી, પણ તે વર્ષભર અલગ અલગ સમયે આવે છે. તેથી ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનાં વૃક્ષો હંમેશાં લીલાંછમ દેખાય છે.

227. ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલો પશ્ચિમ ઘાટના કિનારા તરફના ઢોળાવો પર પટ્ટીરૂપે તથા અંદમાન અને નિકોબાર ટાપુઓ તેમજ ઉત્તર-પૂર્વ ભારત(અસમના ઉપરી વિસ્તારો)ના કેટલાક ભાગોમાં આવેલાં છે.

228. ભારતમાં ઉષ્ણ કટિબંધીય વરસાદી જંગલોનો મુખ્ય વૃક્ષો મહોગની, રોઝવુડ, નેતર (અબનૂસ, રબર) વગેરે છે.

229. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોની મુખ્ય વિશેષતા એ છે કે, પાનખર ઋતુમાં 6થી 8 અઠવાડિયાં દરમિયાન અહીંના વૃક્ષો પોતાનાં બધાં પાંદડો ખેરવી નાખે છે.

230. ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોને 'મોસમી જંગલો'ના નામે પણ ઓળખવામાં આવે છે.

231. ભારતમાં ઉષ્ણ કટિબંધીય પાનખર જંગલોમાં (મોસમી જંગલો) સાગ, સાલ, સીસમ, વાંસ, મહુડો, લીમડો વગેરે વૃક્ષો જોવા મળે છે.

232. ભારતમાં સુકાં અને ઝાંખરાંવાળાં જંગલો રાજસ્થાન, હરિયાણા, પશ્ચિમ ઘાટનો પૂર્વીય ઢાળ અને ગુજરાતમાં જોવા મળે છે.

233. સુકાં અને ઝાંખરાંવાળાં જંગલોમાં થોર, ખેર, ખીજડો,બાવળ, બોરડી વગેરે વૃક્ષો થાય છે.

234. શંકુદ્રુમ જંગલોમાં ચીડ, દેવદાર, પાઇન (સિલ્વર ફર,સ્પ્રૂસ) વગેરે વૃક્ષો થાય છે.

235. ભારતમાં ભરતીનાં જંગલો (મૅન્ગ્રૂવ) પશ્ચિમ બંગાળમાં ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓએ બનાવેલા મુખત્રિકોણ પ્રદેશમાં તેમજ ગુજરાતના તથા અંદમાન અને નિકોબાર ટાપુઓના દરિયાકિનારે આવેલાં છે.

236. સુંદરી વૃક્ષનું લાકડું હોડી બનાવવા માટે ઉપયોગી છે.

237. ભરતીનાં જંગલોમાં સુંદરી (પશ્ચિમ બંગાળ) અને ચેર(ગુજરાત)નાં વૃક્ષો જોવા મળે છે.

238. ચેરનું લાકડું બળતણ તરીકે ઉપયોગી છે.

239. જંગલોના બે પર્યાવરણીય ફાયદા : (1) જંગલો વાતાવરણને શુદ્ધ રાખે છે. (2) જંગલો વરસાદ લાવે છે.

240. જંગલોના બે આર્થિક ફાયદા : (1) જંગલોમાંથી ઇમારતી લાકડું અને બળતણ માટેનું લાકડું મળે છે. ( 2 ) જંગલોમાંથી અનેક પ્રકારની ઔષધિઓ મળે છે.

241. આપણા દેશનાં જંગલોમાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ,વિવિધ પક્ષીઓ, જળચરો, ઉભયજીવીઓ, કીટકો, સરીસૃપો, કીડાઓ વગેરે વન્યજીવો વસે છે.

242. આપણા દેશનું રાષ્ટ્રીય પ્રાણી વાઘ છે. તે દેશના વિવિધ ભાગોમાં (ખાસ કરીને મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં)જોવા મળે છે.

243. ગુજરાતમાં ઘુડખર પ્રાણી કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રોમાં જોવા મળે છે.

244. ભારતમાં એશિયાઈ સિંહો માત્ર ગુજરાતમાં ગીરનાં જંગલોમાં જોવા મળે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

245. ભારતનાં ગુજરાત અને ઓડિશા રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રના કાચબા ઈંડાં મૂકવા આવે છે.

246. ભારતમાં સારસ, બતક, કોયલ, પોપટ, ઘોરાડ, ચીબરી,કાબર, સમડી, ગીધ, ગરુડ, ઘુવડ વગેરે પક્ષીઓની પ્રજાતિઓ વસે છે.

247. અભયારણ્યની રચના જે-તે રાજ્ય સરકાર કરે છે.

248. રાષ્ટ્રીય ઉદ્યાનની રચના જે-તે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી થાય છે.

249. જૈવઆરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ કરવામાં આવે છે.

250. ગુજરાતનાં અભયારણ્યો : (1) બાલારામ અભયારણ્ય અને (2) નળ સરોવર પક્ષી અભયારણ્ય.

251. ગુજરાતના રાષ્ટ્રીય ઉદ્યાનો : ( 1) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને (2) વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન,

252. ગુજરાતમાં જૈવઆરક્ષિત ક્ષેત્ર કચ્છના રણમાં આવેલું છે.

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 54)**

253. મેનગ્રૂવ જંગલ (ભરતીનાં જંગલો) (Mangrove Forest) સમુદ્રની ભરતીના ખારા પાણીમાં વિકસે છે. ભારતમાં તે પશ્ચિમ બંગાળ, ગુજરાત તથા અંદમાન અને નિકોબાર ટાપુઓના દરિયાકિનારે આવેલાં છે. ગંગાના મુખત્રિકોણ પ્રદેશમાં આવેલું સુંદરવન' ભરતીનું જંગલ છે. અહીં સુંદરી નામનાં વૃક્ષો થાય છે, ગુજરાતના સમુદ્રકિનારે દલદલીય વિસ્તારમાં નાના પાયા પર ભરતીનાં જંગલો આવેલાં છે. અહીં ચેર નામનાં વૃક્ષો થાય છે, સ્થાનિક લોકો તેનાં લાકડાંનો બળતણ તરીકે ઉપયોગ કરે છે.

254. પર્વતીય જંગલ (Montane Forest) એટલે પર્વતો પરનાં જંગલો. આ જંગલોનાં વૃક્ષો પર્વતો પર જુદી જુદી, ઊંચાઈએ, વિવિધ પ્રકારનાં અને વિશિષ્ટ આકાર ધરાવતાં હોય છે. સમુદ્રસપાટીથી આશરે 1500 મીટરથી 2500 મીટર સુધી ઊગતી વનસ્પતિ શંકુ આકારની અને લાંબાં તથા અણીદાર પાંદડાંવાળી હોય છે. તેથી અહીંની વનસ્પતિ 'શંકુદ્રુમ વનસ્પતિ' તરીકે ઓળખાય છે. ચીડ, દેવદાર અને પાઇન અહીંનાં મુખ્ય વૃક્ષો છે.

255. યાયાવર પક્ષીઓ એટલે ભટકતાં પક્ષીઓ. શિયાળા દરમિયાન આપણા દેશનાં જળાશયો અને જળપ્લાવિત ક્ષેત્રોમાં દૂર દૂર આવેલા ઠંડા પ્રદેશોમાંથી વિદેશી પક્ષીઓ આવે છે. તે શિયાળો પૂરો થતાં પોતાના વતનમાં પાછાં જાય છે. આ પક્ષીઓ 'યાયાવર પક્ષીઓ' તરીકે ઓળખાય છે. તેમને 'પ્રવાસી પક્ષીઓ પણ કહે છે.

256. જે ઋતુમાં વનસ્પતિનાં પાંદડાં ખરી જાય તેને પાનખર ઋતુ કહેવાય. આપણે ત્યાં મહા અને ફાગણ માસ દરમિયાન વનસ્પતિ પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે. તેથી આ સમયને પાનખર ઋતુ કહેવામાં આવે છે.ઉષ્ણ કટિબંધીય જંગલોનાં વૃક્ષો પાનખર ઋતુમાં પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે. તેથી આ જંગલો 'ખરાઉ જંગલો' કહેવાય છે. આ જંગલોમાં સાગ, સાલ, વાંસ, મહુડો, લીમડો વગેરે વૃક્ષો જોવા મળે છે.

257. ઉત્તર ભારતનું મેદાન ઉત્તરના પર્વતીય પ્રદેશની દક્ષિણે આવેલું છે. હિમાલયમાંથી નીકળતી ગંગા, સતલુજ, યમુના, બ્રહ્મપુત્ર વગેરે મોટી નદીઓ અને તેમને મળતી નદીઓ(શાખા નદીઓ)એ પાથરેલા કાંપથી તે બનેલું છે. આ મેદાન સમતલ છે. તેની જમીન ખૂબ ફળદ્રુપ છે. તેથી અહીં ખેત-ઉત્પાદન વધુ થાય છે. તે ભારતનો સૌથી સમૃદ્ધ અને ગીચ વસ્તીવાળો પ્રદેશ છે.

258. ભારત બે દ્વીપસમૂહો ધરાવે છે : ( 1 ) લક્ષદ્વીપ ટાપુઓ અને ( 2 ) અંદમાન અને નિકોબાર ટાપુઓ.લક્ષદ્વીપ ટાપુઓ અરબ સાગરમાં કેરલના કિનારાથી પશ્ચિમે આવેલા છે. તે પરવાળાના નિક્ષેપથી બનેલા છે. અંદમાન-નિકોબાર ટાપુઓ બંગાળાના ઉપસાગર(બંગાળની ખાડી) માં દક્ષિણ-પૂર્વે આવેલા છે. આ ટાપુઓ લક્ષદ્વીપ ટાપુઓ કરતાં મોટા, સંખ્યામાં વધારે અને વિસ્તૃત ક્ષેત્રમાં પથરાયેલા છે.

259. ભારતમાં આ જંગલો વાર્ષિક 200 સેમી કરતાં વધુ વરસાદવાળા પ્રદેશોમાં આવેલાં છે. આ જંગલોનાં વૃક્ષો ગાઢ અને ઘટાદાર હોવાથી અહીં સૂર્યનાં કિરણો જમીન સુધી પહોંચી શકતાં નથી. આ જંગલોનાં વૃક્ષોમાં એકસાથે પાનખર આવતી નથી. તેથી તે બારે માસ લીલાં રહે છે. ભારતમાં તે પશ્ચિમ ઘાટના કિનારા તરફના ઢોળાવોમાં પટ્ટીરૂપે, અંદમાન અને નિકોબાર ટાપુઓમાં તથા ઉત્તર-પૂર્વ ભારતના કેટલાક ભાગોમાં આવેલાં છે. મેંહોગની, અબનૂસ, રોઝવુડ,નેતર, રબર વગેરે અહીંનાં મુખ્ય વૃક્ષો છે.

260. આ જંગલો ઓછાં ઘટાદાર હોય છે. તેનાં વૃક્ષો પાનખર ઋતુમાં પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે. તેથી તે 'પાનખર' કે 'ખરાઉ' જંગલો કહેવાય છે. આ જંગલોનાં વૃક્ષો મોસમ પ્રમાણે પાન ખેરવતાં હોવાથી તેને મોસમી જંગલો' પણ કહે છે. ભારતમાં આ પ્રકારનાં જંગલો ઘણા વિસ્તારોમાં આવેલાં છે. સાગ, સાલ, વાંસ, સીસમ, મહુડો, લીમડો વગેરે અહીંનાં મુખ્ય વૃક્ષો છે.

BHAVDIP VADHER (E-LEARNING)

261. આ જંગલો (70 સેમીથી) ઓછા વરસાદ મેળવતા પ્રદેશોમાં જોવા મળે છે. તે કાંટાળાં હોય છે. ભારતમાં તે રાજસ્થાન, હરિયાણા, પશ્ચિમ ઘાટનો પૂર્વીય ઢાળ અને ગુજરાતમાં આવેલાં છે. થોર, ખેર, કે ખીજડો, બાવળ, બોરડી વગેરે અહીંની મુખ્ય વનસ્પતિ છે.

262. જેમના માથે વિનાશનું જોખમ હોય એવા વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે સુરક્ષિત કરાયેલા વિસ્તારો 'અભયારણ્યો' કહેવાય છે. અભયારણ્યની રચના જે-તે રાજ્ય સરકાર કરે છે. સત્તાધિકારી પાસેથી મંજૂરી મેળવીને અહીં પાલતુ પશુઓને ચારી શકાય છે. બાલારામ અભયારણ્ય અને નળ સરોવર પક્ષી અભયારણ્ય ગુજરાતનાં અભયારણ્યો છે.

263. કુદરતી વનસ્પતિ, વન્યજીવો, કુદરતી સૌંદર્યનાં સ્થળો તેમજ મહત્ત્વનાં રાષ્ટ્રીય સ્થળોની જાળવણી માટેના સુરક્ષિત વિસ્તાર 'રાષ્ટ્રીય ઉદ્યાન' કહેવાય છે. તેની રચના રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી થાય છે. તેમાં પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન ગુજરાતના જાણીતા રાષ્ટ્રીય ઉદ્યાનો છે.

264. જૈવઆરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ કરવામાં આવે છે. તેનો મુખ્ય હેતુ તે ક્ષેત્રની પ્રાકૃતિક અને સાંસ્કૃતિક વિવિધતાનું રક્ષણ કરવાનો છે. જૈવઆરક્ષિત ક્ષેત્રમાં બહારની તમામ પ્રકારની માનવીય પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. કચ્છના રણનું આંશિક ક્ષેત્ર અને નીલગિરિનું ક્ષેત્ર ભારતનાં જૈવઆરક્ષિત ક્ષેત્રો છે.

265. ભારતમાં શિયાળાની ઋતુ ડિસેમ્બરથી ફેબ્રુઆરી મહિનાઓ સુધી હોય છે. આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો ત્રાંસા પડતાં હોવાથી તાપમાન નીચું રહે છે. હિમાલયમાં શિયાળામાં કેટલીક વાર ભારે હિમવર્ષા થાય છે. તે વખતે ત્યાંની ઠંડી અને ભારે હવા ઉત્તરના મેદાનમાં ધસી આવે છે. તેની અસરથી ઉત્તર ભારતમાં તેમજ રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીનું મોજું ફરી વળે છે. પરિણામે તાપમાન એકાએક નીચું ઊતરી જાય છે. શિયાળામાં ગુજરાતના ઉત્તરના વિસ્તારોમાં રાજ્યના બીજા વિસ્તારો કરતાં વધુ ઠંડી અનુભવાય છે. શિયાળામાં દિવસો ટૂંકા હોય છે, જ્યારે રાત્રિઓ લાંબી હોય છે.

266. ભારતમાં ઉનાળાની ઋતુ માર્ચથી મે સુધી હોય છે. આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો સીધાં પડતાં હોવાથી તાપમાન વધારે પ્રમાણમાં રહે છે. સમુદ્રકિનારાના પ્રદેશોમાં ગરમીનું પ્રમાણ દેશના ખંડીય ભાગો કરતાં ઓછું રહે છે. ભારતમાં મોટા ભાગના પ્રદેશોમાં ઉનાળો એકંદરે ગરમ અને સૂકો હોય છે. બપોરે વાતા ખૂબ ગરમ પવનને 'લુ' કહે છે. ઉનાળાની ઋતુ દરમિયાન ગુજરાતના ઉત્તર ભાગમાં અને રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં ખૂબ વધારે ગરમી પડે છે. આ ઋતુ દરમિયાન દિવસો શિયાળાની સરખામણીમાં લાંબા હોય છે.

267. ભારતમાં ચોમાસાની ઋતુ જૂનથી સપ્ટેમ્બર માસ સુધી હોય છે. ખેતીપ્રધાન ભારત માટે ચોમાસુ સૌથી મહત્ત્વની ઋતુ છે. ભારતમાં મોટા ભાગની ખેતી વરસાદ પર આધારિત હોવાથી આ ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે. નૈઋત્ય (દક્ષિણ-પશ્ચિમ) દિશામાંથી વાતા પવનો સમુદ્ર પરથી આવતા હોવાથી તે ભેજવાળા હોય છે. આ પવનો દેશમાં વરસાદ લાવે છે. આ પવનોનો એક ફાંટો અરબ સાગર પરથી આગળ વધી કેરલ, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય ભારત સુધી પહોંચે છે. ભેજવાળા પવનોનો બીજો ફાંટો બંગાળાના ઉપસાગર (બંગાળની ખાડી), અંદમાન અને નિકોબાર ટાપુઓ અને પૂર્વ ભારત થઈ ગંગાના મેદાનમાં પ્રવેશે છે. આ બંને ફાંટા આગળ જતાં એકબીજાને મળી પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને પૂર્વ રાજસ્થાન સુધી જઈને વરસાદ આપે છે. ભેજવાળા પવનોના માર્ગમાં જ્યાં પર્વતો આવે છે ત્યાં વધુ વરસાદ પડે છે. ગુજરાતમાં ભેજવાળા પવનોના માર્ગમાં મોટા પર્વતો આવતા ન હોવાથી વરસાદનું પ્રમાણ ઓછું રહે છે.

268. ભારતમાં પાછા ફરતા મોસમી પવનોની ઋતુ ઑક્ટોબર - નવેમ્બરના સમયગાળામાં હોય છે. આ ઋતુ દરમિયાન પવનો ઈશાન દિશામાંથી (ઉત્તર-પૂર્વ દિશામાંથી) જમીન તરફ વાય છે. તેથી તે સુકા હોય છે. પરિણામે તે વરસાદ આપતા નથી. આ ઋતુ દરમિયાન આકાશ વાદળાં વિનાનું સ્વચ્છ હોય છે. પાછા ફરતા મોસમી પવનો બંગાળાના ઉપસાગર (બંગાળાની ખાડી) પરથી પસાર થતાં ભેજવાળા બને છે. તેથી તે ભારતના પૂર્વ કિનારે આંધ્ર પ્રદેશ અને તમિલનાડુના કિનારે સારો વરસાદ આપે છે. આ ઋતુ તમિલનાડુની મુખ્ય વર્ષાઋતુ ગણાય છે.

269. ભારતની ઉત્તર સીમાએ પૂર્વ-પશ્ચિમ ત્રણ પર્વતોની હારમાળા આવેલી છે. તેને 'હિમાલયની પર્વતમાળા' કહે છે. હિમાલયની પર્વતમાળાને ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે : (1) છેક ઉત્તરમાં મહા હિમાલય કે હિમાદ્રી પર્વતમાળા આવેલી છે. અહીં વિશ્વનું સૌથી ઊંચું શિખર માઉન્ટ એવરેસ્ટ આવેલું છે. ( 2 ) આ પર્વતમાળાની દક્ષિણે મધ્ય હિમાલય કે હિમાચલની પર્વતમાળા આવેલી છે. અહીં રમણીય સૌંદર્યધામો અને પવિત્ર તીર્થધામો આવેલાં છે. (3) મધ્ય હિમાલયની દક્ષિણે શિવાલિક કે લઘુ હિમાલયની પર્વતમાળા આવેલી છે.

270. દખ્ખણનો ઉચ્ચપ્રદેશ ઉત્તરના મેદાનની દક્ષિણે આવેલો છે. તેના કેટલાક ભાગો ઊંચા છે, જ્યારે કેટલાક ભાગો ઓછી.ઊંચાઈ ધરાવે છે. તેના ઉત્તર ભાગમાં ઉત્તર-પશ્ચિમે અરવલ્લીની પર્વતમાળાઓ આવેલી છે. તેની દક્ષિણ-પૂર્વે વિંધ્યાચલ અને સાતપુડાની પર્વતમાળાઓ આવેલી છે. આ પર્વતમાળામાંથી નીકળતી નર્મદા અને તાપી નદીઓ પશ્ચિમ તરફ વહી અરબ સાગરને મળે છે. દખ્ખણના ઉચ્ચપ્રદેશની પૂર્વ દિશામાં પૂર્વ ઘાટ અને પશ્ચિમ દિશામાં પશ્ચિમ ઘાટ આવેલો છે. પશ્ચિમ ઘાટ સળંગ છે, જ્યારે પૂર્વ ઘાટ તૂટક છે. આ ઉચ્ચપ્રદેશ જ્વાળામુખીના લાવાથી બનેલો છે. તેથી અહીં ખનીજો વિપુલ પ્રમાણમાં મળી આવે છે.

BHAVDIP VADHER (E-LEARNING)

271. ભારતમાં શિયાળાની ઋતુ ડિસેમ્બરથી ફેબ્રુઆરી મહિનાઓ સુધી હોય છે. આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો ત્રાંસા પડતાં હોવાથી તાપમાન નીચું રહે છે. હિમાલયમાં શિયાળામાં કેટલીક વાર ભારે હિમવર્ષા થાય છે. તે વખતે ત્યાંની ઠંડી અને ભારે હવા ઉત્તરના મેદાનમાં ધસી આવે છે. તેની અસરથી ઉત્તર ભારતમાં તેમજ રાજસ્થાન અને ગુજરાતમાં પણ ઠંડીનું મોજું ફરી વળે છે. પરિણામે તાપમાન એકાએક નીચું ઊતરી જાય છે. શિયાળામાં ગુજરાતના ઉત્તરના વિસ્તારોમાં રાજ્યના બીજા વિસ્તારો કરતાં વધુ ઠંડી અનુભવાય છે. શિયાળામાં દિવસો ટૂંકા હોય છે, જ્યારે રાત્રિઓ લાંબી હોય છે.

272. ભારતમાં ઉનાળાની ઋતુ માર્ચથી મે સુધી હોય છે. આ સમયે ભારતમાં સૂર્યનાં કિરણો સીધાં પડતાં હોવાથી તાપમાન વધારે પ્રમાણમાં રહે છે. સમુદ્રકિનારાના પ્રદેશોમાં ગરમીનું પ્રમાણ દેશના ખંડીય ભાગો કરતાં ઓછું રહે છે. ભારતમાં મોટા ભાગના પ્રદેશોમાં ઉનાળો એકંદરે ગરમ અને સૂકો હોય છે. બપોરે વાતા ખૂબ ગરમ પવનને 'લુ' કહે છે. ઉનાળાની ઋતુ દરમિયાન ગુજરાતના ઉત્તર ભાગમાં અને રાજસ્થાનના પશ્ચિમ ભાગમાં ખૂબ વધારે ગરમી પડે છે. આ ઋતુ દરમિયાન દિવસો શિયાળાની સરખામણીમાં લાંબા હોય છે.

273. ભારતમાં ચોમાસાની ઋતુ જૂનથી સપ્ટેમ્બર માસ સુધી હોય છે. ખેતીપ્રધાન ભારત માટે ચોમાસુ સૌથી મહત્ત્વની ઋતુ છે. ભારતમાં મોટા ભાગની ખેતી વરસાદ પર આધારિત હોવાથી આ ઋતુ ખેતી માટે ખૂબ અગત્યની ગણાય છે. નૈઋત્ય (દક્ષિણ-પશ્ચિમ) દિશામાંથી વાતા પવનો સમુદ્ર પરથી આવતા હોવાથી તે ભેજવાળા હોય છે. આ પવનો દેશમાં વરસાદ લાવે છે. આ પવનોનો એક ફાંટો અરબ સાગર પરથી આગળ વધી કેરલ, મહારાષ્ટ્ર, ગુજરાત અને મધ્ય ભારત સુધી પહોંચે છે. ભેજવાળા પવનોનો બીજો ફાંટો બંગાળાના ઉપસાગર (બંગાળની ખાડી), અંદમાન અને નિકોબાર ટાપુઓ અને પૂર્વ ભારત થઈ ગંગાના મેદાનમાં પ્રવેશે છે. આ બંને ફાંટા આગળ જતાં એકબીજાને મળી પશ્ચિમ ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને પૂર્વ રાજસ્થાન સુધી જઈને વરસાદ આપે છે. ભેજવાળા પવનોના માર્ગમાં જ્યાં પર્વતો આવે છે ત્યાં વધુ વરસાદ પડે છે. ગુજરાતમાં ભેજવાળા પવનોના માર્ગમાં મોટા પર્વતો આવતા ન હોવાથી વરસાદનું પ્રમાણ ઓછું રહે છે.

274. ભારતમાં પાછા ફરતા મોસમી પવનોની ઋતુ ઑક્ટોબર - નવેમ્બરના સમયગાળામાં હોય છે. આ ઋતુ દરમિયાન પવનો ઈશાન દિશામાંથી (ઉત્તર-પૂર્વ દિશામાંથી) જમીન તરફ વાય છે. તેથી તે સુકા હોય છે. પરિણામે તે વરસાદ આપતા નથી. આ ઋતુ દરમિયાન આકાશ વાદળાં વિનાનું સ્વચ્છ હોય છે. પાછા ફરતા મોસમી પવનો બંગાળાના ઉપસાગર (બંગાળાની ખાડી) પરથી પસાર થતાં ભેજવાળા બને છે. તેથી તે ભારતના પૂર્વ કિનારે આંધ્ર પ્રદેશ અને તમિલનાડુના કિનારે સારો વરસાદ આપે છે. આ ઋતુ તમિલનાડુની મુખ્ય વર્ષાઋતુ ગણાય છે.

275. જંગલોના પર્યાવરણીય ફાયદા નીચે પ્રમાણે છે : (1) જંગલો હવામાંથી કાર્બન ડાયૉક્સાઇડ જેવા હાનિકારક વાયુનું શોષણ કરી પ્રાણદાયી ઑક્સિજન વાયુ આપે છે. આ રીતે તે વાતાવરણને શુદ્ધ રાખે છે. ( 2) જંગલો વાતાવરણને ઠંડુ રાખી વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. ( 3) જંગલો પવન અને વરસાદથી થતું જમીનનું ધોવાણ અટકાવે છે. ( 4) તે વન્યજીવોને કુદરતી રહેઠાણ પૂરું પાડે છે. ( 5 ) જંગલો ભેજને સંઘરી રાખે છે અને ભૂમિગત જળને જાળવી રાખે છે. ( 6 ) તે રણને આગળ વધતું અટકાવી, ફળદ્રુપ જમીનોનું રક્ષણ કરે છે.

276. જંગલોના આર્થિક ફાયદા નીચે પ્રમાણે છે : (i) જંગલોની મુખ્ય પેદાશ લાકડું છે. જંગલોમાંથી સાગ , સાલ અને સીસમ જેવાં મજબૂત અને ટકાઉ ઇમારતી લાકડાં મળે છે. ( 2 ) બાવળ અને ખેર જેવાં વૃક્ષોનું લાકડું બળતણ તરીકે વપરાય છે. (3) જંગલોની વિવિધ પ્રકારની વનસ્પતિ ઔષધો તરીકે વપરાય છે. ( 4) જંગલોનાં કેટલાંક વૃક્ષોનું લાકડું કેટલાક ઉદ્યોગો માટે કાચા માલ તરીકે ઉપયોગી છે. ( 5 ) જંગલો પશુઓના ચરાણ માટે ઉપયોગી છે. જંગલોની વનસ્પતિ ઘાસચારો પૂરો પાડે છે. ( 6 ) જંગલો લાખ, રાળ, ગુંદર, મધ, ટર્પેન્ટાઇન વગેરે પેદાશો આપે છે. (7) જંગલોમાંથી વિવિધ પ્રકારનાં ફળો પણ મળે છે.

277. ભારતનાં જંગલોમાં વિવિધ જાતનાં વન્યજીવો વસે છે. તેમાં મુખ્યત્વે સસ્તન વર્ગનાં પ્રાણીઓ, પક્ષીઓ, જળચરો, ઉભયજીવીઓ, કીટકો, સરીસૃપો, કીડાઓ વગેરે છે. આપનુ રાષ્ટ્રીય પ્રાણી વાઘ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળે છે. હિમાલય અને નીલગિરિ પર્વતોમાં જંગલી બકરીઓ, અસમનાં જંગલોમાં હાથી અને એકશિંગી ભારતીય ગેંડા, કેરલ અને કર્ણાટકનાં જંગલોમાં હાથી અને ગુજરાતનાં ગીરનાં જંગલોમાં એશિયાઈ સિંહ જોવા મળે છે. ગુજરાતમાં ઘુડખર પ્રાણી કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રોમાં જોવા મળે છે. ભારતમાં પક્ષીઓનું વૈવિધ્ય ઘણું છે : ભારતમાં રાષ્ટ્રીય પક્ષી મોર, સારસ, બતક, કોયલ, પોપટ, ઘોરાડ, ચીબરી, કાબર, સમડી, ગીધ, ગરુડ, ઘુવડ, બાજ, કાગડા, કબૂતર, ચકલી વગેરે પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે. ભારતનાં ગુજરાત અને ઓડિશા રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રીય કાચબા જોવા મળે છે. દેશમાં સરિસૃપોની વિવિધ જાતો મળે છે. ભારતનાં જળાશયો અને જલપ્લાવિત ક્ષેત્રોમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી હજારો વિદેશી યાયાવર (ભટકતાં) પક્ષીઓ આવે છે.

BHAVDIP VADHER E-LEARNING

278. ભારતનાં જંગલોમાં વિવિધ જાતનાં વન્યજીવો વસે છે. તેમાં મુખ્યત્વે સસ્તન વર્ગનાં પ્રાણીઓ, પક્ષીઓ, જળચરો, ઉભયજીવીઓ, કીટકો, સરીસૃપો, કીડાઓ વગેરે છે. આપનુ રાષ્ટ્રીય પ્રાણી વાઘ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળે છે. હિમાલય અને નીલગિરિ પર્વતોમાં જંગલી બકરીઓ, અસમનાં જંગલોમાં હાથી અને એકશિંગી ભારતીય ગેંડા, કેરલ અને કર્ણાટકનાં જંગલોમાં હાથી અને ગુજરાતનાં ગીરનાં જંગલોમાં એશિયાઈ સિંહ જોવા મળે છે. ગુજરાતમાં ઘુડખર પ્રાણી કચ્છ, સુરેન્દ્રનગર અને પાટણનાં સૂકાં ક્ષેત્રોમાં જોવા મળે છે. ભારતમાં પક્ષીઓનું વૈવિધ્ય ઘણું છે : ભારતમાં રાષ્ટ્રીય પક્ષી મોર, સારસ, બતક, કોયલ, પોપટ, ઘોરાડ, ચીબરી, કાબર, સમડી, ગીધ, ગરુડ, ઘુવડ, બાજ, કાગડા, કબૂતર, ચકલી વગેરે પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે. ભારતનાં ગુજરાત અને ઓડિશા રાજ્યોના સમુદ્રકિનારે સમુદ્રીય કાચબા જોવા મળે છે. દેશમાં સરિસૃપોની વિવિધ જાતો મળે છે. ભારતનાં જળાશયો અને જલપ્લાવિત ક્ષેત્રોમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી હજારો વિદેશી યાયાવર (ભટક્તાં) પક્ષીઓ આવે છે.

279. વન્યજીવોના સંરક્ષણ, જતન અને સંવર્ધનના હેતુથી દેશના કેટલાક વિસ્તારોને ખાસ કાયદાકીય જોગવાઈ હેઠળ અભયારણ્યો, રાષ્ટ્રીય ઉદ્યાનો અને જૈવઆરક્ષિત ક્ષેત્રો તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તેમની મુખ્ય વિગતો નીચે પ્રમાણે છે :
(1) અભયારણ્ય : અભયારણ્યની રચના જે-તે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. અહીં પાલતુ પશુઓને મંજૂરી પછી ચરાવવાની છૂટ હોય છે. અહીં વૃક્ષછેદન પર કડક નિયંત્રણો અને પ્રાણીઓના શિકાર પર પ્રતિબંધ હોય છે. ગુજરાતમાં બાલારામ અભયારણ્ય અને નળ સરોવર પક્ષી અભયારણ્ય આવેલાં છે.
(2) રાષ્ટ્રીય ઉદ્યાન : રાષ્ટ્રીય ઉદ્યાનની રચના જે-તે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સંકલનથી કરવામાં આવે છે. અહીં પાલતુ પશુઓને ચરાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. તેમાં માનવ-વસવાટ કે જંગલને લગતી આર્થિક પ્રવૃત્તિઓ કરવા પર અને પ્રાણીઓના શિકાર પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. ગુજરાતમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વેળાવદર રાષ્ટ્રીય ઉદ્યાન આવેલા છે.
(3) જૈવઆરક્ષિત ક્ષેત્ર : જૈવઆરક્ષિત ક્ષેત્રની રચના આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ કરવામાં આવે છે. અહીં બહારની બધી માનવીય પ્રવૃત્તિઓ પર સંપૂર્ણ પ્રતિબંધ હોય છે. ગુજરાતમાં કચ્છનું આંશિક ક્ષેત્ર અને દક્ષિણ ભારતમાં નીલગિરિનું ક્ષેત્ર જૈવઆરક્ષિત ક્ષેત્રો છે.

BHAVDIP VADHER (E-LEARNING)